## સાવલી નગરપાલિકાના મહિલા સદસ્ય દ્વારા

# વિકાસના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે તપાસની માંગ કરતો પત્ર જીલ્લા કલેકટરને પાઠવતા ચકચાર



સાવલીનગરનું તળાવ ગંદકીથી ખદબદતું તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ વિમલ પટેલ,સાવલી)

(પ્રતિનિધિ)સાવલી,તા.૨૫

સાવલીનગર પાલિકાની મહિલા સદસ્ય દ્વારા પાલિકાની તળાવની સફાઈ માટે અપાયેલા કોન્ટ્રાકટની ૧૮ લાખ રૂપિયાની રકમમાં અધિકારી અને પદાધિકારી સામે ભ્રષ્ટાચારની સોય તાકીને જીલ્લા કલેકટર પ્રાંત ઓફિસર અને જીલ્લા મ્યુનિસિપલ અધિકારીને પત્ર પાઠવીને તપાસ કરવાની માંગ કરતા સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે. અને આક્ષેપ સાથે તપાસની માંગ કરી છે.

સાવલી નગરપાલિકાના મહિલા સદસ્ય દક્ષાબેન પંચાલે પાલિકાના વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની શંકા વ્યકત કરતા સમગ્ર તાલુકામાં રાજકીય ગરમવો આવી ગયો છે. સાવલીનગરમાં તળાવ આવેલુ છે જેમાં અસહય ગંદકી અને જંગલી નાળી થઈ જતા તળાવમાં ગણપતિ વિસર્જન કે તાજીયા વિસર્જન કે દશામાની મૂર્તિ વિસર્જન વેળાએ તળાવમાં ઉતરવુ ભારે દુર્ગમ થઈ ગયું હતું. તેવામાં પાલિકા દ્વારા તળાવને બ્યુટિફીકેશનના નામે સફાઈનું કામ હાથ ધરાયું હતું. તેવામાં મહિલા સદસ્યએ આજરોજ લેખિતમાં જણાવ્યું છે કે ૧૮ લાખ રૂપિયાના કોન્ટ્રાકટ પાછળ ભ્રષ્ટાચાર થયો છે. ગત પાલિકાની બોડીએ જ લાખ રૂપિયામાં એક દાતાને શોધીને તળાવ સાફ કરાવ્યું હતું.

જ્યારે આવખતે ગણીયે તો સમય વિત્યે ૮ લાખ રૂપિયા આશરે ખરચો થાય તેવા બદલે ૧૮ લાખ રૂપિયાનો કોન્ટ્રાકટર આપીને ભાજપના પદાધિકારીઓએ અધિકારીઓ સાથે મળીને પ્રજાના પૈસાએ તાગડધિન્ના કર્યા છે અને ભ્રષ્ટાચાર થયો છે. તેવી લેખિત તપાસ માંગતી અરજીપ્રાંત ઓફિસર, જીલ્લા કલેકટર અને જીલ્લા મ્યુનિસિપલ ઓફિસરને પાઠવતા ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે અને ચર્ચાનો વિષય બન્યો છે.

# નામ સ્મરણ શંકાઓનું સમાધાન કરી કર્મના બંધનનો તોડે છે

વડોદરા, તા.૨૫

નવધા ભકિત પૈકીની ત્રીજી-નામસ્મરણ ભકિત, નામમાં ભગવાન સમાયેલો છે. તેવી શ્રધ્ધા અને વિશ્વાસ સાથે સ્વીકારવા, નામ પ્રેમપુર્વક લેવા તેમજ સદાચારનું પાલન કરવાની ભલામણ જાણીતા અભ્યાસી ચંદ્રશેખર સાઠેએ કરી છે. ગુજરાત પુસ્તકાલય પ્રેરિત ''સાહિત્ય સૃષ્ટિ''। ઉપક્રમે યોજાયેલા જાહેર વાર્તાલાપમાં તેમણે જણાવ્યું હતું કે, ખરાદિલથી કરેલું નામસ્મરણ શંકાઓનુ સમાધાન કરે છે. કર્મના બંધનને તોડે છે. અને અંત સુધારે છે તેમણે ભકિતના ત્રણેય પ્રકાર તથા તેમના શ્રેષ્ઠ ભકતોના દ્રષ્ટાંતો પણ આપ્યા હતા. અને ભકિતયોગને સામાન્ય માણસો માટેનું, ઈશ્વરપ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન ગણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે અન્ય ભકિત સ્થૂળ સ્વરૂપને ધ્યાનમાં રાખીને કરાતી જયોર આ ભકિત નામ આધારીત છે. કળિયુગમાં ભકિત અને કર્મનો સમન્વય કરવાની જરૂર હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યુ હતું કે સંસારમાં રહીને કર્મને ભકિતમય કરતા જઈએ તો જીવતાજીવ મુકિતનો અનુભવ થાય તેમણે સાંપ્રતા પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, 'ભગવાનને સાધ્ય બનાવવાના બદલે આપણે ઈચ્છાપૂર્તિનું સાધન બનાવી દીછા છે. માનતા માનવતાને અને બાધા-આખડીની બાબતને ખોટુ મહત્વ આપી દીધું છે. અને ભગવાનને ન ગમે તેવું આચરણ કરતા રહીએ છીએ. આપણે શરીરને ઓળખ્યું અને તેનું લાલન-પાલન કર્યુ પરંતુ આત્માનું શું?

સગવડો-સુવિધાઓને સુખ માનીને ફાંફા મર્યા પણ ભૌતિક વિકાસે માણસને સુખી કર્યો છે ખરો? માત્ર સારીવાતોનું શ્રવણ જ નહીં. સાંભળ્યું તેનું ચિંતન અને તે પ્રમાણેનું સદ્આચાર મહત્વનું ફળદાયી હોવાનું તેમણે યાદ કરાવ્યું હતું. બ્રહ્મચૈતન્ય મહારાજ ગોંદવલેકરના પુણેથી પ્રસિધ્ધ થયેલા પ્રવચનો જીવનમાં પરિવર્તન લાવનારા હોઈ તે વાંચવાની તેમણે શ્રોતાઓને ભલામણ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સંચાજન અવિનાશ મણિયારે પ્રાસ્તાવિક વાતા કરી હતી. મંડળ પ્રકાશિત માસિક પુસ્તકાલયનું અમદાવાદ ખાતે શબ્દચેતના ગૌરવ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હોઈ તેના તંત્રી કુંતિબહેન ભાવસારનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આભારવિધિ કરતાં ગુજરાત શિષ્ટવાંચન પરીક્ષા ટ્રસ્ટના પ્રમુખ ડો. નિખિલ દેસાઈએ ભકિતને પ્રભુ પ્રત્યેની નિષ્ઠા તરીકે ઓળખાવી નામસ્મરણ ઉર્જાદાયી તરંગો સર્જતું હોવાનું જણાવ્યું હતું.

# ડભોઇ તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે ભુપેન્દ્રભાઇ પટેલની નિમણુંક !!

(પ્રતિનિધિ) ડભોઇ, તા. ૨૫

ડભોઇ તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે સીમળીયા ગામના ભુપેન્દ્રભાઇ પટેલની નિમણુક કરાતા કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારોમા આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

આગામી વિધાનસભાની ચુંટણી ને ધ્યાનમા રાખીને ડભોઇના માજીધારા સભ્ય અને પ્રદેશ કોંગ્રેસ ની પ્રચાર પ્રસાર સમિતિના અધ્યક્ષ સિધ્ધાર્થભાઇ પટેલની સુચનાથી પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિહ સોલંકી એ ડભોઇ તાલુકા પ્રમુખ તરીકે ભુપેન્દ્રભાઇ પટેલની નિમણુક કરતા તેમને નિમણુક પત્ર વડોદરા જીલ્લા કોંગ્રેસના પ્રમુખ નરેન્દ્રભાઇ પટેલ (મુખી)એ પાઠવી જાહેરાત કરતા કાર્યકરો અને હોદ્દેદારોમા ખુશી વ્યાપી જવા પામી હતી.



ડભોઇ તાલુકા પંચાયતના માજી ઉપપ્રમુખ અને પાછલા ૨૫ વર્ષ ઉપરાંતના સમયથી ડભોઇ સહીત જીલ્લામા સંગઠનનુ કામ કરનાર અને સ્વભાવે શાંત તેમજ કોંગ્રેસના દરેક કાર્યકર અને હોદ્દેદારને માન સ્વમાન ની નજરે જોનારા એવા ભુપેન્દ્રભાઇ પટેલની ડભોઇ તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણુક થતા કોંગ્રેસ ના તમામ કાર્યકરો,હોદ્દેદારો અને કોર્પોરેટર તેમજ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યો,સરપંચો એ ભુપેન્દ્રભાઇ પટેલ ને રુબરુ મળી તેમજ ટેલીફોનિક અભિનંદન પાઠવ્યા હતા.

# ઈશા અંબાણીએ ધ રિલાયન્સ ફાઉન્ડેશન હોલિસ્ટીક હિલિંગ આર્ટ પ્રોજેકટ મુંબઈમાં ખુલ્લો મુકાયો

મુંબઈ, તા.૨૫

ઈશા અંબાણીએ તાજેતરમાં એક નવા જાહેર કલા પ્રોજેકટ હોલિસ્ટીક હિલિંગનો પ્રારંભ કરાવ્યો હતો. મુંબઈમાં આવેલા સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ એન્ડ રીસર્સ સેન્ટર માટે જ જેની સંકલ્પના કરવામાં આવી હોય તેવો આ પ્રથમ પ્રોજેકટ છે. આ પહેલથી રિલાયન્સ ફાઉન્ડેશનનો ઉદ્દેશ્ય ભારતીય પ્રજાને આધુનિક અને સમકાલીન કલાનો પરિચય કરાવવાનો છે. આ પ્રોજેકટ દર્દીઓ તથા તેમના કુટુંબીજનોને



વિઝ્યુઅલ આર્ટની (સાદ્દશ્ય કલાની) અદ્વિતીય શકિતનો અનુભવ કરવાની તક પુરી પાડશે. હોલિસ્ટીક હિલીંગ પ્રોજેકટ સમકાલીન કલાકારોને સ્થળ-વિશેષ કલાના નમૂનાઓ રજુ કરવાની અનોખી તક પુરી પાડશે.

પ્રોજેકટ જાહેરાત કરતાં ઈશા અંબાણીએ જણાવ્યું હતું કે, હોલીસ્ટીક હિલિંગ પ્રોજેકટ હોસ્પિટલના વાતાવરણને એવી જગ્યામાં તબદિલ કરવાની આશા રાખે છે. જે જોનારને તેની દીવાલોની મર્યાદાઓમાંથી બહાર લઈ જાય. સરએચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ એન્ડ રીસર્ચસેન્ટરની આ પહેલ કલા જગતમાં અમારા કાર્યને ચાલુ રાખવામાં અમને પ્રેરણા આપશે.

# તા. ૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓકટો. ઈનઓર્બિટ બરોડા ડીસ્ટ્રીકટ ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપ ૨૦૧૭



વડોદરા, તા.૨૫

ટેબલ ટેનિસ એસોસીએશન ઓફ બરોડા (ટીટીએબી)ના ઈતીહાસમાં ચોથી વખત એક ઐતિહસિક ચેમ્પીયનશીપ ઈનઓર્બિટ-બરોડા ડીસ્ટ્રીકટ ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપ ૨૦૧૭ તારીખ ૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઈનઓર્બિટ મોલ,ગોરવા રોડ, વડોદરા ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ એક યુનીક ઓપરચ્યુનીટી છે કે જેયાં શોપીંગની મજા તેમજ ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપની મજા તેમજ ફેમીમલી સાથે ફુડનો આનંદ માણી શોપીંગ તેમજ રમતનો આનંદ મેળવી શકાશે. અમારા અનુભવ મુજબ ચેમ્પીયનશીપમાં સ્કુલ, કોલેજ, ઈન્સ્ટીટયુટ, એમ.એસ.યુનિ., કલબ તેમજ અનેક સંસ્થાઓ ભાગ લેવા માટે તત્પર છે. જે આ ચેમ્પીયનશીપની ખાસીયત છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે, ચેમ્પીયનશીપમાં અત્યાર સુધી ૫૦૦થી વધુ વડોદરા શહેર તેમજ જીલ્લાઓમાંથી એન્ટ્રી મળી રહી છે જે ચેમ્પીયનશીપની સફળતા દર્શાવે છે. ટીટીએબી દ્વારા કુલ ૧૯ ઈવેન્ટ રમાડવામાં આવશે. જેમાં મુખ્યત્વે સિંગલ્સ ઈવેન્ટ જેવી કે કેડેટ બોયઝ અને કેડેટ ગર્લ્સ (અન્ડર-૧૨) સબ જુનિ. બોયઝ, સબ.જુનિ. ગર્લ્સ, (અન્ડર-૧૫), જુનિ.બોયઝ, જુનિ.ગર્લ્સ (એન્ડર ૧૭,) યુથ બોયઝ અને ગર્લ્સ (અન્ડર-૨૧) અને મેન અને વુમેન સિંગલ્સ તેમજ વેટરન મેન (૪૦+ ૫૦ અને ૬૦+) અને વુમન વેટરન (૪૦+) જુનિ. ગર્લ્સ ડબલ્સ, બોયઝ ડબલ્સ (અન્ડર-૨૧) મેન્સ ડબલ્સ , વુમન ડબલ્સ અને વેટરન જંબલ ડબલ્સ ચેમ્પીયનશીપ રમાડવામાં આવશે.

ચેમ્પીયનશીપને માટે અમે ડબલ્સ ઈવેન્ટ કે જેમાં જુનિ.ગર્લ્સ ડબલ્સ, બોયઝ, ડબલ્સ, મેન્સ ડબલ્સ, વુમન ડબલ્સ તેમજ જંબવલ મીક્ષ ડબલ્સની મેચો રમાડી ચેમ્પીયનશીપને રસપ્રદ બનાવી છે. વિજેતા ખેલાડીઓને ૫૦,૦૦૦થી વધુ રોકડ રમના ઈનામો, રોલીગ ટ્રોફી,ઈન્ડીવ્યુઝલ ટ્રોફી તથા મેરીટ સર્ટીફિકેટ આપવામાં આવશે.

ચેમ્પીયનશીપના પર્ફોમન્સને આધારે વડોદરા ડીસ્ટ્રીકટની ટીમનું સીલેકશન કરવામાં આવશે જે ૨થી ૫ નવેમ્બર ખાતે રમાનાર સ્ટેટ અને ઈન્ટર ડીસ્ટ્રીકટ ચેમ્પીયનશીપ અમદાવાદ મુકામે જશે.

# કવાંટ વિદ્યાવિનય પ્રાયમરી સ્કુલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



કવાંટ વિદ્યા વિનય પ્રાયમરી સ્કુલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો તે તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ વિકેશ શાહ,કવાંટ)

(પ્રતિનિધિ) કવાંટ,તા.૨૫

કવાંટમાં સંગમ હોસ્પિટલ અને આરોગ્ય વિભાગ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો જેમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. રકતદાન શીબીર તેમજ નીશુલ્ક દવાઓ આપવામાં આવી તેમજ સરકારની આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

છોટાઉદેપુર જિલ્લાના અદિપછાત એવા કવાંટ તાલુકામાં હાલમાં વિવિધ રોગો ફેલાયા છે તેવા સમયે છોટાઉદેપુર આરોગ્ય વિભાગ અને સંગમ હોસ્પિટલ સર્વ રોગ નિદાન કેમ્પ વિદ્યાવિનય પ્રાયમરી સ્કુલમાં યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ જયંતી રાઠવા સંસદીય સચિવના હસ્તે દીપપ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય સુખરામ રાઠવા, જિલ્લા પંચાયત સદસ્ય રણછોડભાઈ કવાંટના ડોકટરો તેમજ કવાંટ સરપંચ રાજુભાઈ રાઠવા, તાલુકા સદસ્યો, સરપંચો ઉપસ્થિત રહયા હતા. સંગમ હોસ્પિટલના એમડી ડો. તપન ભટ્ટ દ્વારા સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહીતી પુરી પાડી હતી જેમા મુખ્યમંત્રી અમૃતમ, આર.એસ.બી.વાય. ચિંરજીવીત તથા બાલસખા, દિનદયાળ સરકારી વ્યાજબી દવાની દુકાન યોજનાઓ માહિતી આપી સાંસદીય સચિવ જયંતિ રાઠવા દ્વારા સરકાર તરફથી યોજનાઓનો વધુમાં વધુ લોકો ઉપયોગ કરે તેમજ આ યોજનાઓને ગામડે ગામડે સુધી આરોગ્ય વિભાગ દ્વારા પ્રચાર પ્રસાર કરીને ગરીબ આદિવાસી ભાઈ-બહેનો લાખોના ખર્ચા તથા ઓપરેશન સરકારી યોજનાનો લાભ લઈને મફતમાં કરાવે. સરકાર દ્વારા અરોગ્યલક્ષી યોજનાઓ છોટાઉદેપુર જિલ્લાની પ્રજા માટે આશિર્વાદ રૂપ છે. તેમ જણાવેલ આજરોજ સર્વરોગ નિદાન કેમ્પમાં સવારથી જ દર્દીઓનો ઘસારો જોવા મળ્યો હતો.જેમા દર્દીઓની ચેકઅપ કરીને નીશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. આ સર્વરોગ નીદાન કેમ્પમાં ૫૦૦થી વધુ વિવિધ રોગની સારવારનો લાભ દર્દીઓ લીધો હતો. ઈન્દ્રબ્લડ બેન્ક દ્વારા રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પણ યુવાનો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. સાંસદીય સચિવ જયંતિ રાઠવા દ્વારા જણાવેલ કે છોટાઉદેપુર જિલ્લામાં બ્લડ બેંકનો અભાવ છે જે ટુંકા સમયમાં સંગમ હોસ્પિટલમાં બ્લડ બેંક શરૂ કરવામાં આવશે જેતી બ્લડ લેવા માટે વડોદરા સુધી ન જવુ પડે તેમ જણાવેલ આજરોજ સર્વરોગ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓ લાભ લીધો હતો.

## મુંબઈમાં સારવાર માટે આવી હતી

# સૌથી વજનદાર મહિલા ઈમાન અહેમદનું અબુધાબીમાં નિધન

(જી.એન.એસ)અબુધાબી,તા.૨૫

દુનિયાની સૌથી વજનદાર મહિલા તરીકે જાણીતી થયેલી ઈમાન અબ્દુલતીનું સોમવારે નિધન થઈ ગયું. અબુ ધાબીના બુર્જીલ હોસ્પિટલના મેડિકલ એક્સપર્ટના જણાવ્યાં મુજબ ઈમાનની કિડની ફેલ થવાના કારણે તેણે સવારે ૪.૩૫ વાગે છેલ્લા શ્વાસ લીધા. 'ગલ્ફ ન્યૂઝ'ના અહેવાલ મુજબ ઈમાનના મૃત્યુ બાદ હોસ્પિટલે સવારે ૧૦.૫૬ વાગે એક નિવેદન જારી કર્યું જેમાં કહેવાયું કે ઈજિપ્તની નાગરિક ઈમાન અહેમદનું હૃદય સંબંધિત બીમારીઓ અને કિડની ફેલ થવાના કારણે નિધન થયું. ઈમાનનું વજન ૪૯૮થી ૨૫૦ થયું હતું. ૨૫ વર્ષથી પથારીમાં જ રહેવાના કાણે તેના પગના સ્નાયુઓ ખુબ નબળા પડી ગયા હતાં. તેની પણ સારવાર ચાલી રહી હતી. ઈમાનને ઊંઘની પણ સમસ્યા હતીં. ભારત આવતા પહેલા તે માત્ર એક કલાક સૂઈ શકતી હતી.

ઈમાન આ વર્ષે એપ્રિલથી અબુધાબીમાં હતીં અને બુર્જીલ હોસ્પિટલના ૨૦ મેડિકલ એક્સપર્ટની દેખરેખમાં પોતાની સારવાર કરાવી રહી હતી. આ અગાઉ જૂન મહિનામાં ઈમાનનું વજન ઓછુ કરવા માટેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. જુલાઈમાં ડોક્ટરોએ જણાવ્યું હતું કે સર્જરીની મદદથી ઈમાનનું ૧૦૦ કિગ્રા વજન ઓછુ કરાયું છે. ઈમાનનું વજન ૫૦૦ કિગ્રા હતું. અત્રે જણાવવાનું કે ૯ સપ્ટેમ્બરના રોજ ઈમાને ૩૭મો જન્મદિવસ ઉજવ્યો હતો.

# સમય માનવાનો છે પણ મનાવવાનો નથીઃ વિશાલજી

વડોદરા, તા.૨૫

તા.૨૪/૯/૧૭ને રવિવારના રોજ સવારના ૧.૦૦થી ૧.૦૦ સુધી પ્રતાપગંજ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનમાં અંગ્રેજી ભાષામાં ઝોન લેવલનો સંત સમાગમ અમદાવાદથી પધારેલ પુજય વિશાળ લખવાનીની અધ્યક્ષમાં મનાવવામાં આવ્યો હતો.અંગ્રેજી ભાષામાં યોજાયેલ સંત સમાગમ દાહોદ, ગોધરા, હાલોલ, કવાંટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારથી નિરંકારી અનુયાયો પધારી સંત સમાગમનો આનંદ માણ્યો હતો. અંગ્રેજી સંત સમાગમમાં બાળકોએ ખુબજ ઉત્સાહપુર્વક નાટકના રૂપમાં સુંદર સુંદર ઉદાહરણ દર્શાવતા સંસારને સુખના આધારનો અનેરો આનંદ અપાવ્યો હતો. અંતમાં સુંદર વિચારોમાં પણ એજ આહવાન આશિર્વાદ રૂપી વરસાવ્યું કે સમય માનવાનો છે પણ મનાવવાનો નથી. ભકિતમાં સમર્પણ ભાવ હશે. ત્યારે જ શ્રધ્ધાની જયોત ઝળકશે.


વડોદરા મહાનગર પાલિકા

www.vmc.com.in

પાણી અંગેની અગત્યની જાહેરાત

પાણી પુરવઠા પ્રોજેકટ શાખા દ્વારા તાંદલજા પત્રકાર ચાર રસ્તાથી સનફાર્મા રોડ સુધી નવીન નાંખવામાં આવેલ પાણીની લાઈનનું જોડાણ સનફાર્મા તરફ આવેલ હયાત નળિકા સાથે તા.૨૭-૦૯-૧૭ના સવારના પાણીના સમય બાદ કરવાનું હોવાથી તાંદલજા અને હરીનગર ટાંકીથી સાંજના ૫.૩૦થી ૯.૩૦ સમય દરમ્યાનમાં પાણી મેળવતા વિસ્તારોમાં (તાંદલજા મકરદ દેસાઈ/શબરી સ્કુલ તરફ/ વાસણા જકાતનાકા વિ.) સાંજના સમયનું પાણી મળશે નહી. તેમજ તા.૨૮-૦૯-૧૭ના રોજ સવારના સમયનું પાણી કામગીરી પૂર્ણ થયા બાદ ઓછા પ્રેશર અને ઓછા સમય માટે આપવામાં આવશે. જેથી આ વિસ્તારના નાગરીકોએ જરૂરીયાત મુજબના પાણીનો સગ્રહ કરી લેવા તેમજ કામગીરીમા સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓન. ૬૦૦/૧૭ -૧૮ કાર્યપાલક ઈજનેર (પા.પુ.પ્રોજેકટ)



INEOS STYROLUTION

ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઇન્ડિયા લિમિટેડ

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૬ઠ્ઠો માળ, એબીએસ ટાવર્સ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭.

**CIN:** L25200GJ1973PLC002436

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૩

**E mail:** secshare@styrolution.com | **Website:** www.ineosstyrolutionindia.com

**ટપાલ મતદાનની સૂચના**

ધી કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને ૧૧૦ ને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ્સ ૨૦૧૪ ના નિયમ ૨૦ અને ૨૨ ની સાથે વાંચતા તેમજ કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની અન્ય કોઇપણ લાગુ પડતી જોગવાઇઓ (જો હોય તો) અને તેના હેઠળ બનાવેલા નિયમોને ધ્યાનમાં લેતા નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે કે :

(૧) તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ કંપનીએ, જે શેરધારકોએ તેમના ઈમેઈલ આઈડીઝ ડિપોઝીટરીઝમાં કે કંપનીમાં નોંધાવ્યા નથી તેમને ટપાલ મતના ફોર્મ અને સેલ્ફ એડ્રેસ્ડ બીઝનેસ રીપ્લાઇ પરબીડીયા સહિત ટપાલ મત સૂચના પાઠવવાની કામગીરી પૂરી કરી દિધી છે.

(૨) જે શેરધારકોએ તેમના ઈમેઈલ સરનામા ડિપોઝીટરીમાં કે કંપનીમાં નોંધાવ્યા છે તેમને લોગીન આઈડી અને પાસવર્ડની વિગતોનો ઈમેઈલ તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ મોકલવામાં આવ્યો છે.

જેનો હેતુ, નીચે જણાવેલી બાબતોમાં, ટપાલ મત, તેમજ ઇલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા મતદાનના માધ્યમથી શેરધારકોની સંમતિ મેળવવાની છે :

| આઇટમ નં. | ઠરાવ |
|---|---|
| ૧ | ધી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૮૦(૧/સી)ના અન્વચે ધીરાણ લેવાની મર્યાદા રૂા. ૧૦૦ કરોડ સુધી વધારવી. |
| ૨ | શ્રી નીતાનકુમાર દુગલની વારી પ્રમાણે નિવૃત્ત થતા ડાયરેક્ટર તરીકે પુન:નિમણૂંક |
| ૩ | શ્રી નીતાનકુમાર દુગલની પૂર્ણ સમયનાં ડાયરેક્ટર તરીકે નિમણૂંક |

કંપનીએ સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેંટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૪૪ ને કાયદાની કલમ ૧૦૮ અને ૧૧૦ સાથે વાંચતા, નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) ના માધ્યમથી, ઇ-વોટીંગની સુવિધા આપવાની દરખાસ્ત કરી છે કે જેથી શેરધારકો ટપાલથી મત આપવાની વ્યવસ્થાના વિકલ્પે તેમનો મત ઇલેક્ટ્રોનીક પધ્ધતિથી આપી શકે. ટપાલ મતના ફોર્મમાં ઇ-વોટીંગની પ્રક્રિયાનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. ટપાલ મતની પ્રક્રિયાને મુક્ત અને પારદર્શક રીતે હાથ ધરવા કંપનીએ સીએસ દેવેશ એ. પાઠક, પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરીની સ્કુટીનાઇઝર તરીકે નિમણૂંક કરી છે.

**કટ ઓફ ડેટ :** કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ/લીસ્ટ ઓફ બેનીફિશીયલ ઓનર્સમાં જેમના નામો **તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭** ના રોજ હયાત છે એવા તમામ શેરધારકોને નોટીસ મોકલવામાં આવી છે, આમ, શેરધારકોના મતાધિકારની ઓળખ માટે **તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭** નિર્ધારીત કરાઈ છે.

**ઈ-વોટીંગ એન ટપાલ મતદાનની મુદત :** ટપાલ દ્વારા તેમજ ઈ-વોટીંગનો પ્રારંભ **બુધવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭** ના રોજ (સવારના ૯.૦૦ વાગે) શરૂ થશે અને **શુક્રવાર, તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૭** ના રોજ (સાંજના ૫.૦૦ વાગે) તે પૂરું થશે.

ઉચિત રીતે સંપૂર્ણ ભરેલા ટપાલ મતપત્રકો સ્કુટીનાઈઝરશ્રીને તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યાથી મોડાં ન મળે તે રીતે **દેવેશ વિમલ એન્ડ કંપની,** કે/ઓ: લીન્ક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા.લિમિટેડ, યુનીટ: ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલ.બી.એસ. માર્ગ, વિકરોલી (૫), મુંબઇ-૪૦૦ ૦૮૩ ને મોકલી આપવાના રહેશે.

ઈ-મોડ્યુલ માટેના મતદાનની મુદત પણ **તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૭** ના રોજ સાંજના ૫.૦૦ વાગે પૂરી થશે. તે પછી મળેલા કોઈપણ પ્રતિભાવને, પ્રતિભાવ મળ્યો જ નથી એ રીતે ગણવામાં આવશે.

કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com પર આ સૂચના અને ટપાલ મત પત્રક ઉપલબ્ધ છે. જે સદસ્યોને ટપાલ દ્વારા મતદાનની સૂચના મળી નથી અથવા જેમને ઈમેઈલથી પોસ્ટલ બેલેટ નોટીસ મળી છે અને જેઓ ટપાલ મત દ્વારા ભૌતિક મતદાન કરવા માંગે છે, તેઓ તે કંપનીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકે છે અથવા ડુપ્લીકેટ પોસ્ટલ બેલેટ ફોર્મ મેળવવા માટેની તેમની વિનંતીનો ઈમેઈલ : **alpesh.gandhi@linkintime.co.in** ને પાઠવી શકે છે.

આ સંદર્ભે કોઈપણ પૃચ્છા માટે, આપ શેરધારકો માટેના ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્વન્સ (એફએક્યુઝ) અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલથી માર્ગદર્શન મેળવી શકો છો જે www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેક્શનમાં જોઈ શકાશે અથવા આપ એનએસડીએલ ને ફોન નં +૯૧ ૨૨ ૨૪૯૯ ૪૬૦૦ અથવા તો નીચે સહી કરનારને અત્રે જણાવેલી સંપર્કની વિગતોના આધારે ટેલીફોન કોલ કરી શકો છો.

નિયામક મંડળના હુકમથી

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ માટે**

(અગાઉની : સ્ટાયરોલ્યુશન એબીએસ (ઈન્ડિયા) લિમિટેડ)

સહી/-

તારીખ : ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭

સ્થળ : વડોદરા

**હરેશ ખીલનાની**

કંપની સેક્રેટરી, હેડ - લીગલ એન્ડ કોમ્પલાયન્સ